ફાસીવાદ અને ઈસ્લામ

લે. ડૉ. અબ્દુલ મુગ્ની

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

પ્રસ્તાવના

વીસમી સદીના પૂર્વાર્ધના બીજા દશકામાં મુસોલિની અને તે પછીના દશકાઓમાં હિટલરે જે કંઈ કર્યું જગતે તેને 'ફાસીવાદ' નામ આપ્યું અને પછી તો જોતજોતામાં આ 'વાદ' આખા વિશ્વમાં અગનજ્વાળાઓની જેમ ફેલાઈ ગયો. તેનો આરંભ રાજકીય સત્તાના કેન્દ્રીકરણથી થયો હતો, પણ આજે તેના વિવિધ રૂપો જોવા મળે છે. મુસોલિની અને હિટલરને આ માનવતા-વિરોધી વિચારધારાના સ્થાપકો માનવામાં આવે છે. આ બંનેએ પોતાના લક્ષ્યની સિદ્ધિ માટે લોકોને મૂર્ખ બનાવ્યા, તેમનો દુરુપયોગ કર્યો, તેમને અપમાનિત કર્યા અને તેમનું ગૌરવ હણ્યું, તેમને દબાવ્યા, ભ્રમણાઓ ફેલાવી અને જૂઠની જાળ રચી, લોકોમાં જાતિ-જ્ઞાતિ, વર્ગ અને રાષ્ટ્રના નામે ભાગલા પડાવ્યા. ફાસીવાદ એ માનવતાની સામે હંમેશા મોટું જોખમ રહ્યું છે. તેના ઑપરેટિંગ સિદ્ધાંતો છે — 'Might, Money, Male, Murder and Everything make right'. ફાસીવાદની વિચારધારામાં મુખ્ય વસ્તુ છે - પોતાની માન્યતા, પોતાના વિચાર અને પોતાની સત્તાને કાયમ રાખવા માટે ગમે તે કરી છૂટવું, ચાહે માનવતાનો સંહાર જ કેમ ન કરવો પડે.

છેલ્લા બે-ત્રણ દશકામાં આપણા દેશ ભારતમાં પણ આ ઘૃણિત ફાસીવાદી વિચારધારાનું વરવું સ્વરૂપ જોવા મળ્યું છે અને અહીં પણ ફાસીવાદી તત્ત્વોની નજર સત્તા પર છે.

આ તમામ બાબતોની ચર્ચાને કેન્દ્રમાં રાખીને મિથિલા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર રહી ચૂકેલા વિદ્વાન લેખક ડૉ. અબ્દુલ મુગ્નીએ આ નાનકડી પુસ્તિકામાં 'ફાસીવાદ'ને તેના દૃષ્ટાંતો અને તત્કાલીન રાજકીય પરિસ્થિતિના સંદર્ભને સામે રાખીને સમજાવ્યો છે અને ક્યાંક-ક્યાંક આવશ્યકતાનુસાર ઈસ્લામી વિચારધારા પર પણ પ્રકાશ પાડ્યો છે.

ડૉ. શકીલ અહમદ
ચેરમેન, ઈસ્લામી સાહિત્ય પ્રકાશન-ગુજરાત

આઝાદી પછી ભારતીય રાજનીતિનો વિકાસ વિભિન્ન વળાંકોથી પસાર થઈને હવે સૌથી નાજુક અને નિર્ણાયક સ્ટેજ પર આવી પહોંચ્યો છે. રાષ્ટ્રીય રાજકારણમાં એક વિસંગતતા અને અરાજકતા જોવા મળે છે. કેન્દ્રમાં સત્તા માટેની ખેંચતાણ તીવ્રથી અતિ તીવ્ર થતી જઈ રહી છે. સત્તાધારી પક્ષ કોંગ્રેસમાં મતભેદો અને વિભાજનની પ્રક્રિયાનો આરંભ થઈ ચૂક્યો છે. મોટાભાગે મોટા રાજ્યો તેના કબજામાંથી નીકળી ચૂક્યા છે. કોંગ્રેસના મુકાબલે ભારતીય જનતા પક્ષ પોતાનો પ્રભાવ વિસ્તારતો જઈ રહ્યો છે, અને તેનો દૃઢ વિશ્વાસ એ છે કે તે દિલ્હીની ગાદીએ બસીને લાલ કિલ્લા પરથી કેસરિયો ઝંડો જરૂર ફરકાવશે, જેથી ભારતીય રાષ્ટ્રવાદની જે કલ્પના તેણે નક્કી કરી છે અને જે તેને પ્રિય છે, તે સંપૂર્ણપણે આખા દેશ ઉપર છવાઈ જાય અને અહીંનો ઇતિહાસ, સંસ્કૃતિ અને સભ્યતા બધું જ બદલાઈ જાય. કોંગ્રેસ અને ભાજપ બંનેના વિરોધમાં જનતા દળ, સીપીઆઈ (એમ), સીપીઆઈ, તેલુગુ દેશમ્ વગેરેનો મોરચો છે, જે રામો-વામો મોરચા તરીકે ઓળખાય છે, અને તેનો દાવો છે કે તે કેન્દ્રમાં કોંગ્રેસ અને ભાજપ બંનેય કરતાં સારી સરકાર બનાવી શકે છે.

રાજકીય બળો

રાષ્ટ્રીય રાજકારણના આ બળોને ઓળખવા અને પારખવા આવશ્યક છે, જેથી લોકો સમજી-વિચારીને દેશના ભાવિ અંગે, જે હવે તદ્દન દાવ પર આવી ગયું છે, સાચો નિર્ણય કરી શકે. નહિંતર લોકોના ધર્મ અને આસ્થા, જાન-માલ અને માન-સન્માનની સામે મોટું જોખમ ઊભું થઈ શકે છે, અને તેમની ભાષા, સંસ્કૃતિ અને સભ્યતા પણ સુરક્ષિત નહીં રહી શકે. આ વાસ્તવિકતાને સામે રાખીને ઘટનાઓનું વિશ્લેષણ કરવામાં આવે તો જણાશે કે કોંગ્રેસ, જે આઝાદી પૂર્વે એક ધર્મનિરપેક્ષ લોકતંત્રની ધ્વજવાહક રહી છે, અને આઝાદી પશ્ચાત લાંબાગાળા સુધી કેન્દ્રમાં સત્તા-સ્થાને પણ રહી છે, હવે હતોત્સાહ થઈ ચૂકી છે. પાછલા અમુક વર્ષોમાં તેના વલણથી લોકોને સામાન્ય રૂપે નિરાશા જ સાંપડી છે. બીજી તરફ ભારતીય જનતા પક્ષ, જે હિંદુ મહાસભા, રાષ્ટ્રીય સ્વયં-સેવક સંઘ, જનસંઘ, વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ જેવા સંગઠનોનું રાજકીય નેતૃત્વ કરી રહ્યું છે, તેનો દૃષ્ટિકોણ હિંદુ સાંપ્રદાયિકતા પર આધારિત છે, જેમાં ધાર્મિક બહુમતીના અહમ અને અહંકાર તથા લઘુમતીઓ માટે અપમાન અને અનાદર સામેલ છે. ત્રીજી તરફ રામો-વામો મોરચામાં ડાબેરી પક્ષોના સામ્યવાદી વિચારો એ જ છે, જે રશિયા અને ચીનમાં વર્તમાન પરિવર્તન પહેલાં હતા; એટલું જ નહીં, બલ્કે અત્યારે પણ તેમની વિચારધારા એ જ છે. જનતા દળનો પોતાનો કોઈ દૃષ્ટિકોણ નથી, પણ માત્ર રાજકીય વલણ છે. આવી જ સ્થિતિ તેલુગુ દેશમની પણ છે.

તદુપરાંત, જે બીજા પ્રાદેશિક પક્ષો છે, તેમાં શિવસેના મોટાભાગે ભાજપની વિચારધારાથી પ્રભાવિત છે. સમાજવાદી પક્ષ, જનતા દળ સાથે વૈચારિક રીતે ખૂબ જ નજીક છે. સમાજવાદી જનતા દળ અને જનતા દળનો દૃષ્ટિકોણ સ્પષ્ટ નથી. આસામ ગણ પરિષદ અને પૂર્વ ભારતના અને અન્ય રાજકીય પક્ષો અસ્થાયી પ્રકારનાં સંગઠનો છે. દક્ષિણ ભારતમાં ડીએમકે અને અન્ના ડીએમકે ફક્ત દક્ષિણ અથવા તામિલનાડુની પછાત કહેવાતી જાતિઓના પ્રવક્તા અને સંરક્ષક છે. એવું લાગી રહ્યું છે કે મુસ્લિમ લીગ હવે કેરાળામાં પણ વિખેરાવા લાગી છે. આંધ્રપ્રદેશમાં ઈત્તેહાદુલ મુસ્લિમીન તેનો પ્રભાવ ગુમાવી બેસ્યો છે, અને ઉત્તરપ્રદેશમાં મુસ્લિમ મજલિસનું કેવળ નામ બાકી રહી ગયું છે.

સાંપ્રદાયિકતા, વર્ગવાદ અને પ્રદેશવાદ

કોંગ્રેસની રાષ્ટ્રવાદ પ્રત્યેની અંદરોઅંદરની અને તેનાં સંગઠનોમાંની ફાટફૂટ પછી જે રાજકીય બળો સામે આવ્યા છે, તેમણે કોંગ્રેસની અંદર દબાયેલા કેટલાક સંકલ્પોને વિકસાવીને પોતાના અભિષ્ટ ઉદ્દેશ્ય બનાવી લીધા છે. સ્વતંત્રતા સંગ્રામના દિવસોમાં કોંગ્રેસ અને લીગની ખેંચતાણ એક પ્રકારની સાંપ્રદાયિકતાની ક્રિયા-પ્રતિક્રિયા ઉપર આધારિત હતી; જેમ કે તેમનાં એક-બીજા ઉપર આરોપથી જણાય છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસની અંદર, જો કે મહાસભાની માનસિકતાવાળાં તત્ત્વો આરંભથી જ અસ્તિત્વ ધરાવતા હતા, જેમણે પાછળથી કોંગ્રેસમાંથી નીકળીને પોતાના અલગ સંગઠનો બનાવી લીધા અને જાહેરમાં હિંદુ સાંપ્રદાયિકતાનો પ્રચાર કરવા લાગ્યા. એ જ રીતે કોંગ્રેસની અંદર જે સામ્યવાદી તત્ત્વો હતા, તે પણ તેમાંથી નીકળીને સામ્યવાદી પાર્ટી બનીને પોતાની જગ્યાએ અનેક સમૂહોમાં વહેંચાતા રહ્યા, અને બીજી તરફ આ તત્ત્વો સમાજવાદી પાર્ટી બનીને વિભિન્ન નામોથી જુદા-જુદા સંગઠનોમાં વિભાજિત થતાં રહ્યાં. સમાજવાદીઓ અને સામ્યવાદીઓ બંને પોતપોતાના સ્થાને વર્ગવાદના માર્ગ ઉપર ચાલી નીકળ્યા છે. સમાજવાદીઓએ અલગ-અલગ સમૂહોમાં વહેંચાઈને છેવટે પછાત અને ઉચ્ચ જ્ઞાતિનો નારો લગાવ્યો અને તેમાં અલ્પસંખ્યકોને પણ સામેલ કરી લીધા અને સૌના માટે સુરક્ષાના આધાર પર સામાજિક ન્યાયની માંગ કરી. જ્યારે સામ્યવાદીઓએ મજૂરો અને મૂડીપતિઓ તેમજ ખેડૂતો અને જમીનદારો વચ્ચે વર્ગ-સંઘર્ષનો ઝંડો ઉઠાવ્યો અને તેના નીચે અલ્પસંખ્યકોને પણ એકઠા કરવાનાં પ્રયત્નો કર્યા. સ્પષ્ટ છે કે સાંપ્રદાયિકતાની સરખામણીમાં વર્ગવાદ અને જ્ઞાતિવાદનો આધાર તેની નીતિઓ છે, અને તેમાં સામાજિક ન્યાય અને સૌને માટે સમાનતાનો દાવો છે, પરંતુ તેના ઉપર જે અમલ કરવામાં આવશે, તે સમાજને અલગ-અલગ વર્ગોમાં વિભાજિત કર્યા પછી જ કરી શકાશે.

આ સંદર્ભમાં સૌથી મજાની વાત એ છે કે સાંપ્રદાયિક તત્ત્વો અને વર્ગવાદી તત્ત્વો બંને પોતાને સાચા રાષ્ટ્રવાદી કહે છે, જ્યારે કે બીજા લોકોને નકલી અને ખોટા દાવો કરનારાં ઠેરવે છે. આ જ કારણ છે કે સાંપ્રદાયિક તત્ત્વો, સમાજવાદીઓ અને સામ્યવાદીઓ એમ બધાં જ રાષ્ટ્રવાદના સૌપ્રથમ અને મોટા દાવેદાર પક્ષ કોંગ્રેસને જૂઠો અને દેખાવ પૂરતો રાષ્ટ્રવાદી પક્ષ ગણાવે છે, એટલા માટે કે તેમના મતે વ્યવહારિક રીતે કોંગ્રેસના ચહેરા પરથી રાષ્ટ્રવાદનું મહોરું ઉતરી ગયું છે અને તેના સમાજવાદી અને ધર્મનિરપેક્ષતાના દાવાની પોલ પણ ખૂલી ગઈ છે. રાષ્ટ્રવાદની તુલનામાં સાંપ્રદાયિકતા અને વર્ગવાદની ખેંચતાણે દેશના અમુક રાજ્યોમાં પ્રદેશવાદને પણ હવા આપી છે. આ સંદર્ભમાં આઝાદીના થોડાંક જ વર્ષો પછી દક્ષિણમાં દ્રવિડો અને પૂર્વમાં નાગાઓના આંદોલને ભારતના બંને સીમાવર્તી ક્ષેત્રોમાં રાષ્ટ્રવાદને એક જબરજસ્ત પડકાર ફેંક્યો છે. ત્યારબાદ એક તરફ આસામ અને બીજી તરફ આંધ્રપ્રદેશમાંથી પણ પ્રદેશવાદના પોકારો સંભળાવા લાગ્યા છે, અને હદ તો એ છે કે આ જ પોકારનો પડઘો મહારાષ્ટ્ર જેવા વૈશ્વિક મહત્ત્વ ધરાવતા રાજ્યમાં પણ સંભળાઈ રહ્યો છે, તે પણ એ સંગઠનો માટે, જે પોતાના ઉગ્રવાદ અને હિંસક સાંપ્રદાયિકતાને સૌથી મોટા રાષ્ટ્રવાદનું નામ આપી રહ્યા છે.

લોકશાહી અને ફાસીવાદનો સંઘર્ષ

આઝાદી પછી ભારતીય બંધારણના પ્રકાશમાં 'Democracy' (લોકશાહી) અને 'Secularism' (ધર્મનિરપેક્ષતા) શબ્દો ભારતીય રાષ્ટ્રિયતા અને રાષ્ટ્રિય સરકારના મૂળભૂત સિદ્ધાંત તરીકે પ્રયુક્ત કરવામાં આવતા હતા. જ્યારે કે 'Communalism' (કોમવાદ કે સાંપ્રદાયિકતા) અને 'Facism' (ફાસીવાદ)ને એક ગાળ કે અપશબ્દ સમજવામાં આવતા હતા. તેથી જે લોકો માટે આ શબ્દોનો ઉપયોગ કરવામાં આવતો હતો, તેઓ તેની સફાઈ અને ખુલાસો આપી રહ્યા છે, અને પોતાના ઉપર મૂકવામાં આવેલ આ આરોપના ખંડનમાં સાચી લોકશાહી અને ધાર્મિક સહિષ્ણુતાના સંપૂર્ણ અધિકારો પોતાના માટે સુરક્ષિત રાખવાની ઘોષણાઓ કરી રહ્યા છે. ભારતના ભાગલા વખતથી કોમવાદ અને તેના આધારે દરેક પ્રકારના વ્યાપક તોફાનો અને રમખાણોનો સિલસિલો લાંબા સમયથી ચાલી રહ્યો છે. પરંતુ છેલ્લા ચાર-પાંચ વર્ષોમાં કોમવાદ, વર્ગવાદ અને પ્રાંતવાદની તબાહીએ તો રાષ્ટ્રવાદ અને કોમવાદની સરખામણીમાં પણ વધારે મહત્ત્વપૂર્ણ, નાજુક અને ખતરનાક પ્રશ્ન એ ઊભો કરી દીધો છે કે આગામી સામાન્ય ચૂંટણીઓ પછી દેશમાં લોકશાહી બાકી રહેશે કે પછી ફાસીવાદનું સામ્રાજ્ય સ્થપાઈ જશે ! દેશના ઇતિહાસમાં ફરી એક વાર દિલ્હીની ગાદીની લડાઈનો પ્રશ્ન આવીને ઊભો છે, અને

સીધો મુકાબલો લોકશાહી અને ફાસીવાદ વચ્ચે થવા જઈ રહ્યો છે. લોકશાહી અને ફાસીવાદની આ લડાઈમાં બિનસાંપ્રદાયિક લોકો જ લોકશાહીની રક્ષા કરી શકે છે, એટલા માટે કે કોમવાદી અને સાંપ્રદાયિક બળો વિકસીને ફાસીવાદના રૂપમાં હવે ખુલ્લી રીતે સામે આવી ગયા છે. આ લડાઈનું પરિણામ એકવીસમી સદીના ભારતના ભાગ્યને નિશ્ચિતપણે પ્રભાવિત કરશે. પરંતુ દેશનું દુર્ભાગ્ય એ છે કે લોકશાહી અને ફાસીવાદની આ મોરચાબંદીમાં બંને બાજુની હરોળોનું લક્ષ્ય નિશ્ચિત નથી થઈ રહ્યું. આ સંદર્ભમાં સૌથી વધારે ચિંતાજનક વાસ્તવિકતા એ છે કે લોકશાહી બળોની હરોળોમાં વેરવિખેર વિચારો અને એક-બીજા પર આરોપો લગાવવાની પ્રવૃત્તિ છે, જ્યારે ફાસીવાદી બળો એક સમૂહ અને સંગઠિત થઈને પોતાના દરેક સાંપ્રદાયિક હથિયારોનો ઉપયોગ કરી રહ્યા છે. આ બાજીગરો લોકમાનસને રાષ્ટ્રવાદનો ખુલ્લો ધોકો આપી રહ્યા છે.

ફાસીવાદની હકીકત

વર્તમાન યુગમાં સૌપ્રથમ ઈટાલીના તાનાશાહી મુસોલિનીએ પ્રથમ વિશ્વ-યુદ્ધ પછી 'ફાસીવાદ' શબ્દનો પ્રયોગ પોતાના સંગઠનના ઉગ્ર રાષ્ટ્રવાદ માટે કર્યો હતો, જેને આજે રાષ્ટ્રવાદ કહેવામાં આવે છે. આવું તેણે એવી ભાવનાઓને વ્યક્ત કરવા માટે કર્યું જેની ઘોષણા ભાજપ પરિવાર આ શબ્દોમાં કરી રહ્યો છે :

"ગર્વ સે કહો, હમ હિન્દુ હૈં."

ઈટાલીની નવી પેઢીને જુસ્સામાં લાવવા માટે મુસોલિનીએ જે નારો લગાવ્યો હતો, તેનો ભાવાર્થ આ પ્રમાણે છે :

"મારો દેશ સૌથી મહાન છે, ચાહે તે ખોટું કરી રહ્યો હોય કે સાચું."

યુરોપમાં સામ્યવાદ પહેલાં સમાજવાદની કલ્પના વિકસી, જે સામાજિક ન્યાય (Social Justice) પર આધારિત હતી. તેનો અર્થ એ છે કે દરેક વર્ગ સાથે સમાન ન્યાય. તેના માટે જરૂરી છે કે કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સમાજના બધા વર્ગોને એક જ સ્તરે લાવીને સમાન અધિકારો આપવા. એ જોતાં પછાત વર્ગના બધા લોકોને વિકસિત વર્ગો જેવો સમાન દરજ્જો આપવો એ એક માનવીય કર્તવ્ય અને નૈતિક માંગ છે. પરંતુ સામાજિક સમાનતા અને ન્યાયના આ સ્વાભાવિક વિચારને રશિયન સામ્યવાદે 'વર્ગ-સંઘર્ષ' (Class Struggle)નું સ્વરૂપ આપીને સંપૂર્ણપણે અસ્વાભાવિક બનાવી દીધો. આનું પરિણામ એ આવ્યું કે સોવિયેત રુસમાં લોકો પર બળજબરી, અતિરેક અને અત્યાચાર ગુજારવામાં આવ્યા અને આના કારણે તમામ લોકો, વિશિષ્ટ હોય કે સામાન્ય, પર અત્યધિક વધારે જુલ્મ કરવામાં આવ્યા. સામ્યવાદી સામ્રાજ્ય છેવટે સત્તર વર્ષના આતંક અને લોહિયાળ તબાહી પછી સમાપ્ત થઈ ગયું. જો કે તેના બચેલાં અવશેષો આજે

પણ પોતાના વિસ્તારમાં આતંક અને બર્બરતાનો વેપાર કરી રહ્યા છે. સામ્યવાદીઓની તુલનામાં સમાજવાદીઓએ યુરોપ, વિશેષતઃ બ્રિટનમાં ધીમે-ધીમે અને અહિંસક રીતે લોકશાહી પદ્ધતિથી સમાજમાં પરિવર્તન લાવવાનાં અને પછાત વર્ગોને ન્યાય અપાવવાનાં પ્રયત્નો કર્યા. સામ્યવાદ અને સમાજવાદ વચ્ચેનો આ ભેદ ત્યારે ખુલ્લો પડીને સામે આવી ગયો, જ્યારે બંનેએ વ્યવહારૂ રાજકારણમાં પ્રવેશ કર્યો. નહિંતર દૃષ્ટિકોણની હદ સુધી તો તેઓ એક-બીજાના સમરૂપ હતા. જો કે કાર્લ માર્કસે ઐતિહાસિક વિકાસશીલ મોડેલ માટે 'Socialism' શબ્દનો જ ઉપયોગ કર્યો હતો. જે હોય તે, પશ્ચિમી યુરોપમાં સમાજવાદની કાર્ય-પદ્ધતિ પૂર્વી યુરોપના સામ્યવાદથી ભિન્ન હતી. ટૂંકમાં, સમાજવાદી રાજનીતિની રીત લોકતાંત્રિક હતી, જ્યારે સામ્યવાદની રીત તાનાશાહી.

આપણા દેશ ભારતમાં વર્ગ, સમુદાય અને જાતિઓ પ્રાચીનકાળથી જોવા મળે છે. તેથી સમાજવાદીઓના એક જૂથે અહીં સામાજિક ન્યાય અને સમાનતાને ધ્યાનમાં રાખીને પછાત વર્ગ માટે અનામતનો નારો લગાવ્યો, એટલા માટે કે પછાત વર્ગના લોકો તેમને જાતિને કારણે મળતી છૂટછાટ અને અનામતથી વિકસિત (કે ઉચ્ચ વર્ગના) લોકોની સમકક્ષ થઈ જાય. આ જાણે કે પ્રાચીન ભારતમાં જાત-પાતના નામે થયેલાં અત્યાચારો અને અન્યાયની ક્ષતિપૂર્તિનો એક નુસખો હતો, જેનો સ્વીકાર લોકશાહીના કારણે મળતાં અધિકારોથી મજબૂર થઈને ઉજળિયાત વર્ગના લોકોએ પણ કરી લીધો. આ પરિસ્થિતિ હતી, જેના લીધે 'મંડલ' ને બળ મળ્યું. પરંતુ વધતી જતી અનામત અને તેના પ્રભાવે વર્તમાન ભારતીય સમાજમાં એવો હોબાળો મચાવી દીધો કે હિન્દુઓમાં ઉચ્ચ અને નિમ્ન એમ બે જુદી-જુદી જાતિઓ બની ગઈ. તેમના વચ્ચે વધતી ખાઈને અસ્વાભાવિક રીતે પૂરવા ભાજપ પરિવારે 'હિંદુત્વ'ના નામે કોમવાદી અને સાંપ્રદાયિકતાનું રાજકારણ શરૂ કર્યું. વંશ અને ધર્મના આધારે તોફાનો અને રમખાણો કરાવવા અને બૂરાઈઓ ફેલાવવા માટે આ કાર્યપદ્ધતિનો ઉપયોગ આ ફાસીવાદી બળો અગાઉથી મુસલમાનો વિરુદ્ધ કરી જ રહ્યા હતા. આ સંજોગોમાં સમાજવાદીઓ અને સામ્યવાદીઓમાંથી મોટાભાગના લોકો રાષ્ટ્રિય વામપંથી મોરચા (રામો-વામો)ને નામે એક મોરચામાં એકત્ર થઈ ગયા. આ પ્લેટફોર્મથી 'બેકવર્ડ' અને 'ફોરવર્ડ' વચ્ચે ભેદભાવ તેમજ 'બેકવર્ડ' માટે દરેક બાબતમાં અનામત અને છૂટછાટની માંગને લઈને જોરદાર રાજકારણ જનતા દળ કરી રહ્યું છે, અને સામાજિક ન્યાય અને સમાનતાનો જોરદાર નારો પણ લગાવી રહ્યું છે. આ રાજકારણ અને નારામાં જનતા દળે લઘુમતીઓને, વિશેષતઃ મુસલમાનોને પણ સામેલ કરી લીધા છે. અમુક વિદ્વાનો મુસ્લિમ સમુદાયમાં વંશના આધારે 'ફોરવર્ડ' અને 'બેકવર્ડ'ના અપ્રાકૃતિક અને કૃત્રિમ વિભાજનને હવા આપીને કેટલાક પછાત કહેવાતા મુસલમાનોને પણ થોડેઘણે અંશે લાભ પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

વાસ્તવમાં આ કોંગ્રેસ દ્વારા સ્થાપિત કાર્યશૈલીનો વિસ્તાર છે, જે તેણે હિન્દુઓમાં હરિજનો અને આદિવાસીઓ માટે બનાવી હતી. ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી પણ જનતા દળના અનામતના રાજકારણના માર્ગ પર જોરશોરથી આગળ વધી રહી છે અને તેણે પણ પોતાના કાફલામાં મુસલમાનોને સામેલ કરી લીધા છે. આ રાજકારણના નકશામાં કોંગ્રેસે પણ પછાત જાતિઓની સાથે-સાથે લઘુમતીઓને સામાન્ય રીતે અનામત આપવાના સંકલ્પની ઘોષણા કરી છે. ભાજપ પણ પછાત જાતિઓ માટે અનામતના સિદ્ધાંતનો સ્વીકાર કરવા લાગ્યું છે. આ રીતે સામાજિક ન્યાય અને સમાનતાનો અર્થ આજના ભારતમાં પછાત કહેવાતી જાતિઓના વંશ ઉપર આધારિત છૂટછાટ અને અનામત છે, જ્યારે કે દાવો તો સૌને માટે આર્થિક ઉન્નતિ અને સામાજિક સમાનતાના આધારે સામાજિક ન્યાય આપવાનો છે.

મુસલમાનોનું વલણ

સામાજિક ન્યાયની જે ચર્ચા આજે થઈ રહી છે, તેમાં પછાત જાતિઓની સાથે લઘુમતીઓના શૈક્ષણિક અને આર્થિક પ્રશ્નોના સમાધાનની વાત પણ કરવામાં આવી રહી છે. લઘુકતીઓના અર્થમાં વિશેષતઃ મુસલમાનોનો સમાવેશ થાય છે. જનતા દળ સિવાય કોંગ્રેસ પણ મુસ્લિમ લઘુમતીઓના આર્થિક ઉત્થાન અને કલ્યાણની યોજનાઓની જાહેરાત કરી રહી છે, ત્યાં સુધી કે મસ્જિદોના ઇમામોને યોગ્ય વેતન આપવાની જાહેરાત પણ થઈ રહી છે. પરંતુ મુસલમાનોની માનસિકતા, તેમના સ્વભાવ અને વલણનું ખરું અનુમાન ખૂબ ઓછા લોકો કરી શકે છે, ત્યાં સુધી કે મોટાભાગના કથિત મુસ્લિમ નેતાઓ પણ મુસ્લિમ સમુદાયની ખરી ભાવનાઓથી વાકેફ નથી. મૂર્ખતાની તો હદ એ છે કે આ ભાવનાઓને ઠેસ પહોંચાડતા ભાષણો પણ તેઓ આપતા રહે છે, ચાહે પછી ગમે તે પાર્ટીની સાથે કેમ ન હોય ! મુસલમાનો માટે સ્વતંત્ર ભારતમાં સૌથી મોટો પ્રશ્ન તેમના સમુદાયની ઓળખનો છે, નહિં કે માત્ર તેમનાં આર્થિક ઉત્થાનનો. એ વિચાર તદ્દન ખોટો છે કે શૈક્ષણિક અને આર્થિક વિકાસથી સંતુષ્ટ થઈને મુસલમાનો પોતાની અસલ સામૂહિક, સામાજિક અને સાંસ્કૃતિક હેસિયતને ભૂલી જશે.

દેશના બધા જ રાજકીય પક્ષોએ સારી રીતે સમજી લેવું જોઈએ કે મુસલમાનો કેવળ ધાર્મિક સમુદાય જ નહીં, બલ્કે તે વાસ્તવમાં એક વૈચારિક સમુદાય પણ છે, જેનો જીવન અંગે પોતાનો દષ્ટિકોણ અને પોતાની એક જીવન-વ્યવસ્થા છે. આ દષ્ટિકોણ અને આ જીવન-વ્યવસ્થા પર આધારિત તેની એક વિશેષ રહેણી-કરણી અને સભ્યતા છે. મુસ્લિમ સમુદાય ઇસ્લામી શરીઅત અને પોતાની ધાર્મિક આસ્થાઓ અને સિદ્ધાંતોને કોઈપણ સ્થિતિમાં નહીં ત્યજે, ભલે ને પછી સમયની સાથે દોડનારા તેમનામાંના વિશેષ

લોકોનું કોઈ જૂથ ધર્મ અને શરીઅતથી દૂર જ કેમ ન થઈ જાય, ત્યાં સુધી કે કેટલાક કહેવાતા સરકારી ધાર્મિક આલિમો મુસ્લિમ સમુદાયના ધાર્મિક હિતોની વિરુદ્ધ કેટલીય શિખામણો સરકારી પ્રચારતંત્ર અને પ્રસાર માધ્યમો દ્વારા ભલે ને કરતા હોય. મુસલમાનો પોતાના શૈક્ષણિક અને આર્થિક પછાતપણાને દૂર કરવા ઇચ્છે તો છે અને તે રાષ્ટ્રિય પ્રવાહથી કદી અલગ પણ નથી, તેમ છતાં તેઓ દરેક સ્થિતિમાં અને કોઈપણ કિંમતે પોતાની વિશેષ ધાર્મિક ઓળખને સુરક્ષિત રાખવા માગે છે, પછી ભલે ને તેના માટે તેને બહુમતી સમુદાયના સાંપ્રદાયિક-ફાસીવાદી બળોના ગમે તેટલા મહેણા-ટોણા કેમ ન સાંભળવા પડે અથવા ગમે તેટલા બલિદાનો જ કેમ ન આપવા પડે.

મુસલમાનોના વલણને સમજવા માટે જરૂરી છે કે નીચે દર્શાવેલ મુદ્દાઓને પ્રાથમિકતા આપવામાં આવે અને મુસ્લિમ સમુદાયને સામે રાખીને તેના મહત્ત્વને સમજવામાં આવે.

૧. મુસ્લિમ પર્સનલ લૉ : આ કાયદાને મુસલમાનો દુનિયાભરમાં સૌથી ઉત્તમ સિવિલ કૉડ માને છે અને તેમાં કોઈનો સહેજ પણ હસ્તક્ષેપ સહન કરવા તૈયાર નથી, કેમ કે આ કૉડ તેમના ધર્મ (ઇસ્લામ) અને શરીઅત પર આધારિત છે.
૨. ઈસ્લામી સભ્યતા : ઈસ્લામી સભ્યતા એ ઈસ્લામી શરીઅતનો નમૂનો છે અને તેની સમાજ-વ્યવસ્થા અને રહેણી-કરણી મુસ્લિમ પર્સનલ લૉ દ્વારા નિર્મિત છે.
૩. મસ્જિદો : મસ્જિદોની સુરક્ષા મુસલમાનોના ઈમાનની સૌથી મોટી માંગ છે અને તેને પૂરી કરવા માટે તેઓ પોતાના પ્રાણ ન્યોછાવર કરવા પણ તૈયાર હોય છે.
૪. દીની મદ્રસાઓની સ્થાપના અને તેની વ્યવસ્થા : આના વગર મુસ્લિમ સમાજના અસ્તિત્વ અને તેની ઓળખની કોઈ કલ્પના જ કરી શકાતી નથી.
૫. ઉર્દૂ ભાષા : ઉર્દૂ ભાષા ભારતમાં મુસ્લિમ સભ્યતાની અભિવ્યક્તિનું સૌથી મોટું માધ્યમ છે, જેમાં ઇસ્લામનું શ્રેષ્ઠ સાહિત્ય જોવા મળે છે.
૬. અવકાફ :
૭. કબ્રસ્તાન :

આ બાબતો આજના ભારતમાં વિશેષતઃ મુસલમાનોના અસ્તિત્વની નિશાની બની ગઈ છે. બાબરી મસ્જિદનો ધ્વંસ ભારતના માથા પર એક કલંક છે, જે અણસમજ અને દુષ્ટ લોકો, ચાહે તે મુસલમાનો હોય કે બિનમુસ્લિમો, ભૂલી જવાની વાત કરે છે, તેઓ ખરેખર તો મુસલમાનોના દિલને ઠેસ પહોંચાડી રહ્યા છે અને મુસલમાનો એવા લોકોને તેમનું સૌથી ખરાબ ઇચ્છનારાં અને પોતાના ખુલ્લા દુશ્મન સમજે છે. એ જ રીતે સમાન સિવિલ કૉડને પણ મુસલમાનો પોતાના દીન (ધર્મ)માં ખુલ્લો હસ્તક્ષેપ સમજે છે. ઈસ્લામી મદ્રસાઓ મુસલમાનોના અસ્તિત્વ માટે કરોડરજ્જુ સમાન છે, કેમ કે તે

દીનના આલિમો પેદા કરે છે અને તેમનાં પ્રયત્નો થકી જ સમાજમાં ઈસ્લામી રંગ જોવા મળે છે, જેના વગર મુસ્લિમ સમુદાયની કોઈ વિશેષતા બાકી રહેતી નથી.

અવકાફ મુસ્લિમ સમાજ અને તેમની આર્થિક વ્યવસ્થા બંને માટે જરૂરી છે. તેના ઉપર મુસલમાનોનો કાનૂની અધિકાર છે અને ઉત્તરાધિકારના સ્વરૂપે તેમને મળેલ એક અમાનત છે. કબ્રસ્તાન વગર મૃતકોની લાશોને દફન કરી શકાતી નથી. ઈસ્લામની દૃષ્ટિએ તેમને બાળી નાખવા, પાણીમાં વહાવી દેવા કે ચીલ-કાગડાઓને ખવડાવી દેવાનું કૃત્ય એ લાશોનું અપમાન છે. ઉર્દૂ ભાષા ભારતની સૌથી મોટી અને લોકપ્રિય ભાષા હોવાની સાથે મુસલમાનોની સાંસ્કૃતિક ભાષા પણ છે.

ભારતીય મુસલમાનો તેમની રહેણી-કરણીની આ ઓળખની વિરુદ્ધ કોઈની કંઈપણ વાત સાંભળવા તૈયાર નથી. તેથી જો કોઈ બિનમુસ્લિમ એવી કોઈ વાત કરે છે, તો તેઓ તેને પોતાનો વિરોધી સમજે છે અને જો કદાચ કોઈ મુસલમાન આવી વાત કરે તો તેઓ તેને અવસરવાદી અને દ્રોહી માને છે.

ભારતમાં મુસલમાનો લોકશાહીનો એક ભાગ છે અને લઘુમતી હોવાને કારણે દેશમાં લોકશાહીની સૌથી મોટી કસોટી બની ગયા છે. તેથી એવા વ્યક્તિ કે સમૂહને ફાસીવાદી સમજી લેવામાં આવે છે, જે મુસ્લિમ લઘુમતી અને વૈધ લોકશાહી હિતોના વિરુદ્ધ કોઈ કાર્ય કરે છે. આ સિવાય મુસલમાનોનો મત મોટાભાગે ફાસીવાદ અને તાનાશાહીની સામે લોકશાહીના રક્ષકની તરફેણમાં રહ્યો છે. શરત માત્ર એટલી જ છે કે ચૂંટણી વખતે તેનો ઉપયોગ સમજી-વિચારીને અને સામૂહિક રીતે કરવામાં આવે. આમ તો મુસલમાનોના મતને કારણે બધા જ ચિંતિત છે અને તમામ રાજકીય પક્ષો તેમને પોતાના તરફ રાખવા ઈચ્છે છે. સ્વયં મુસલમાનોમાં પણ અમુક લોકો કોઈ પક્ષ સાથે જોડાઈને પોતાના મતોના વેપારને એક લાભદાયક વેપાર સમજે છે અને તેના માટે સોદાબાજી અને દલાલી કરે છે. ગમે તેમ પણ, આ મતો મોટાભાગે ધર્મનિરપેક્ષ લોકશાહીની તરફેણમાં જ જતા હોય છે. તેથી ફાસીવાદ અને સામ્યવાદના ધ્વજવાહકો આ મતોના ભાવતાલ કરવા માગતા હોય છે. આ હેતુસર ક્યારેક તેઓ મુસલમાનોની વધતી વસતીના રોદણાં રોવે છે અને પરિવાર-નિયોજનના વિરોધી હોવાની સાથે-સાથે મુસ્લિમ પર્સનલ લૉમાં બહુપત્નીત્વને જવાબદાર ઠેરવે છે, ક્યારેક જુદા-જુદા ક્ષેત્રના મુસલમાનોને વિદેશી કહીને તેમને મતાધિકારથી જ વંચિત કરી દેવામાં આવે છે, તો ક્યારેક મતદાર યાદીઓમાંથી મોટી સંખ્યામાં મુસલમાનોના નામો જ ગાયબ કરી નાખવામાં આવે છે; ત્યાં સુધી કે મત-ગણત્રીમાં મુસલમાનોની સંખ્યા ઓછામાં ઓછી કરી નાખવામાં આવે છે. આ તમામ અલોકતાંત્રિક અને ગેરબંધારણીય કાર્યો સાંપ્રદાયિક-ફાસીવાદની ઘૃણિત રમતો છે, જે પૂર્ણ નિર્લજ્જતાથી અને પૂર્વગ્રહ રાખીને રમવામાં આવી રહી છે.

મુસલમાનો વિરુદ્ધ અવિરત થતાં કોમવાદી રમખાણોનો ઉદ્દેશ્ય પણ ફાસીવાદ અને આતંકવાદ દ્વારા લઘુમતીઓને તેમનાં લોકતાંત્રિક અધિકારોના ઉપયોગથી દૂર રાખવા અને મત આપવાથી રોકવાનો છે, એટલા માટે કે સૌથી મોટી લઘુમતી અથવા દેશની બીજા નંબરની સૌથી મોટી બહુમતીનો મત હંમેશા ફાસીવાદના હેતુઓની પૂર્તિમાં અવરોધરૂપ બનતો રહે છે. આવા રમખાણો કરાવીને હિન્દુ જન-માનસને મુસલમાનો વિરુદ્ધ અને સાંપ્રદાયિકતાની તરફેણમાં કરવાનો પણ એક હેતુ છે. આ જ કારણ છે કે ફાસીવાદી બળોએ નિરંતર અને ઝેરીલા અપપ્રચાર દ્વારા ભારતીય સમાજને અપરાધની હદ સુધી કોમવાદી અને મુસલમાનોના દુશ્મન બનાવવાની કોશિશ કરી છે, અને ધર્મનિરપેક્ષ લોકતાંત્રિક મતોના મુકાબલે તેમનું એક નાનું સરખું વર્તુળ, ન કેવળ વધતું જઈ રહ્યું છે, બલ્કે વધુને વધુ અસરકારક સાબિત થવા લાગ્યું છે. હવે ફાસીવાદના આ ધ્વજવાહકો ભારતીય લોકશાહી તથા સામાન્ય નાગરિકો અને લઘુમતીઓ માટે મોટું સ્થાયી જોખમ બની ગયા છે.

અંતિમ મુકાબલો

થોડાંક મહિનાઓ પછી થનારી ભારતની સંસદીય ચૂંટણીઓ ખરેખર તો સ્વતંત્ર ભારતમાં લોકશાહી અને ફાસીવાદ વચ્ચે નિર્ણાયક મુકાબલો હશે. આ લડાઈ કેન્દ્રમાં દિલ્હીની ગાદી માટે લડાશે. આજે કોંગ્રેસ સત્તામાં છે અને ભાજપ વિરોધપક્ષે છે અને કોંગ્રેસ પછી બીજા ક્રમે છે. પરંતુ મુકાબલો આ બેના વચ્ચે નહીં હોય. ત્રીજી શક્તિ – રાષ્ટ્રિય મોરચો-વામ મોરચાની હશે, જેમાં જનતા દળ, બંને સામ્યવાદી પાર્ટીઓ, તેલુગુ દેશમ અને ડીએમકે સામેલ છે. જ્યારે અન્ના ડીએમકે, સમાજવાદી પાર્ટી અને સમાજવાદી જનતા પાર્ટીને પણ આ મોરચામાં સામેલ કરવાનાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બહુજન સમાજ પાર્ટી સામે ઉત્તર પ્રદેશની વર્તમાન ઘટનાઓમાં તેના સંદેહાસ્પદ વલણને કારણે એક પ્રશ્નાર્થ-ચિહ્ન મૂકાઈ ગયું છે. રાષ્ટ્રિય મોરચો-વામ મોરચો એકી સાથે રાષ્ટ્રિય સ્તરની બંને પાર્ટીઓ - કોંગ્રેસ અને ભાજપ સામે ટક્કર લેવાની ઘોષણા કરી રહ્યો છે. જો આ ટક્કર આ જ રીતે થઈ અને અન્ય પ્રાદેશિક પક્ષોને પણ ચૂંટણીમાં ભાગીદારી મળશે તો એક એવી અરાજકતાભરી સ્થિતિ સામે આવશે કે ભાજપ ઓછા મત પ્રાપ્ત કરવા છતાં (માત્ર ૨૦ થી ૨૫% મત મેળવીને) સૌથી મોટો પક્ષ બની જશે અને ગૃહમાં બહુમતી પ્રાપ્ત કરીને દિલ્હીની ગાદી પર બિરાજમાન પણ થઈ શકે છે. જો આવું થશે તો લોકશાહી સમાપ્ત થઈ જશે, અને પછી પહેલા લઘુમતીઓ અને ત્યારબાદ સંપૂર્ણ દેશ તબાહની ગર્તામાં ધકેલાઈ થઈ જશે. આ 'અખંડ ભારત'નું સ્વપ્ન અને 'હિન્દી-હિન્દુ-હિન્દુસ્તાન'નું દુઃસ્વપ્ન ભારત દેશના ટુકડેટુકડા કરી નાખશે.

ઇતિહાસનો વેધક પ્રશ્ન

આવી તબાહી કેવી રીતે થઈ શકે ? સમય સંગીન છે, અને તકાદો કરે છે કે આનાથી બચવા કોઈપણ રીતે બધાય લોકશાહી પક્ષોએ મળીને ફાસીવાદનો મુકાબલો કરવો જોઈએ, એટલા માટે કે આ ફાસીવાદી બળોનું પ્રતિનિધિત્વ કરતા ભાજપને પહેલાંથી જ રાજકીય સ્તરે અછૂત સમજવામાં આવી રહ્યો છે.

પછાત વર્ગોનું રાજકારણ તો અલગ-અલગ બધા જ પક્ષો કરે છે, પરંતુ લઘુમતીઓ પર બધાની દૃષ્ટિ હોવા છતાં તે પોતાની એક એવી સ્થાયી હેસિયત ધરાવે છે કે તે બધા જ લોકશાહી પક્ષાને એક કરી શકે છે અથવા સમાધાન માટે મજબૂર કરી શકે છે. જો અંદરોઅંદર સમાધાન ન કરે તો લઘુમતીઓ સ્વયં એક સમૂહ થઈને અને પ્રત્યેક ક્ષેત્રમાં રાષ્ટ્રિય સ્તરે ફાસીવાદી ભાજપ એન્ડ કંપનીને લક્ષ્ય બનાવીને તેના વિરુદ્ધ જીતી શકે તેવા યોગ્ય કોઈપણ પાર્ટીના (કે અપક્ષ) ઉમેદવારને પોતાના બધા જ મત આપી શકે છે. આ રીતે ફાસીવાદને નકારવાનો નિર્ણય લોકશાહી ટકાવવા માટે એક સકારાત્મક પગલું બની શકે છે. આ અનુભવ બાબરી મસ્જિદના ધ્વંસ પછી થનારી વિધાનસભાની ચૂંટણીમાં મહદ્અંશે સફળ રહ્યો હતો. પરંતુ તે પછી થનારી વિધાનસભાની ચૂંટણીમાં આવુ ન થયું અને લઘુમતીઓના મતો જુદા-જુદા પક્ષોમાં વહેંચાઈ ગયા, પરિણામે ભાજપને ચોખ્ખી સફળતા પ્રાપ્ત થઈ, અને મહારાષ્ટ્રથી લઈને ગુજરાત સુધીના બધા જ મહત્ત્વપૂર્ણ રાજ્યો તેના અંકુશ હેઠળ આવી ગયા.

આ સંદર્ભમાં ડાબેરી સામ્યવાદી પક્ષો લોકશાહીની સાથે-સાથે સેક્યુલરિઝ્મનો પ્રશ્ન ઉઠાવે છે, અને કોંગ્રેસના વર્તમાન નેતૃત્વને સાંપ્રદાયિક ઠેરવે છે. ઉપરાંત, ભારત સરકારની અનેક ભૂલો અને આળસને કારણે મુસલમાનોને એવી પ્રતીતિ થવા લાગી છે કે ભાજપ પરિવારની સાથે કોંગ્રેસ હાઈકમાન્ડ હળીમળી ગયું છે. સ્વયં કોંગ્રેસની અંદર એવું અસંતુષ્ટ જૂથ ઊભું થઈ ગયું છે, જે સત્તાધારી જૂથના નેતૃત્વ ઉપર ધર્મનિરપેક્ષતાની વિરુદ્ધ કાર્યવાહી કરવાનો અથવા કોમવાદી તત્ત્વોની વિરુદ્ધ કાર્યવાહી ન કરવાનો આરોપ લગાવી રહ્યું છે. આ એક ગૂંચવણભરી અને મૂંઝવણમાં નાખે એવી પરિસ્થિતિ છે. પરંતુ હવે સીધો પ્રશ્ન તો દેશમાં લોકશાહીના અસ્તિત્વનો છે, ધર્મનિરપેક્ષતા તો આ પ્રશ્નનો એક અંશ માત્ર છે. ફાસીવાદ હવે નગ્ન થઈને ભાજપ અને શિવસેનાના રૂપમાં સત્તાના કિનારા સુધી પહોંચી ચૂક્યો છે; જેમ કે મહારાષ્ટ્ર સરકારની કાર્યવાહીઓ અને વિધાનો દ્વારા તદ્દન સ્પષ્ટ નિર્દેશ મળે છે. શું લઘુમતીઓ કેન્દ્રમાં આવી સરકારને ચલાવી લેશે, જે મુસલમાનોને વિદેશી ઠેરવે, મુસ્લિમ પર્સનલ લૉને સમાપ્ત કરીને સમાન સિવિલ કોડને લાગૂ કરવા ઇચ્છે, મુસ્લિમો સાથે નામ-સંબંધ ધરાવતાં વિસ્તારો-શહેરોના નામ બદલી

નાખવાનો નિર્ણય કરે અને હદ તો એ છે કે લઘુમતી પંચ સુદ્ધાંને સહન ન કરે.

એવું લાગે છે કે ભાજપ વિરોધી અથવા તેનાથી જુદા પક્ષો અંદરો-અંદર લડશે અને લઘુમતીઓના મતોનું વિભાજન થશે. જો આવું થશે તો જર્મનીમાં હિટલરની નાઝી પાર્ટીની જેમ ફાસીવાદી ભાજપ, ભલે ને ખૂબ ઓછા મતે જીતે, તેના વિજેતાઓ કેવળ ઉચ્ચ જાતિના હિન્દુઓમાંથી હશે, સંસદીય ચૂંટણી જીતી જશે અને દેશમાં લોકશાહીનો કિસ્સો સમાપ્ત થઈ જશે અને તેની સાથે જ ધર્મનિરપેક્ષતા અને ધાર્મિક સહિષ્ણુતાનો નિકાલ થઈ જશે. મુસ્લિમ લઘુમતીની પણ બરબાદી થઈ જશે અથવા શુદ્ધિ કરી નાખવામાં આવશે અથવા તેમનો દેશનિકાલ કરી નાખવામાં આવશે અથવા આ ત્રણેય; અને પછી જે પરિણામ સ્પેનમાં સદીઓ સુધી સત્તા ભોગવ્યા પછી મુસલમાનોનું આવ્યું, એ ભારતમાં પણ આવી શકે છે. તેથી દેશની લોકશાહીને ફાસીવાદથી બચાવવાનો ઉપાય કરવો મુસ્લિમ સમુદાય માટે અતિ આવશ્યક છે, જેથી તેઓ પોતાની આસ્થા, અંતરાત્મા, સભ્યતા, ભાષા તથા શિક્ષણ-પ્રશિક્ષણ અનુસાર ગૌરવશાળી અને માનભર્યું જીવન વિતાવી શકે. સવર્ણ, પછાત અને હરિજનોની અંદરોઅંદરની ખેંચતાણ જે તીવ્રથી અતિ તીવ્ર બનતી જઈ રહી છે, તેમાં મુસલમાનો સામાજિક ન્યાય માટે ભલાઈ અને કલ્યાણ ખાતર મધ્યસ્થીની ભૂમિકા પણ નિભાવી શકે છે. શરત એ છે કે તેઓ ઈમાની સાહસની સાથે-સાથે ઈમાની સમજથી પણ કામ લે અને એક વૈચારિક સમુદાયની હેસિયતથી ઈસ્લામી જીવન-વ્યવસ્થા કાજે પૂર્ણરૂપે પ્રતિબદ્ધ થાય.

'ગર્વ સે કહો, હમ હિન્દુ હૈં.' અને 'મારો દેશ સૌથી મહાન છે, ચાહે તે ખોટું કરી રહ્યો હોય કે સાચું' આ અતિરંજિત અને ઉગ્ર રાષ્ટ્રવાદી પ્રભુત્વનું વિધાન છે, જેનાથી સંઘર્ષ, હિંસા અને યુદ્ધની વિનાશક પ્રવૃત્તિ જન્મ લે છે. આ જ કારણ છે કે ઈટાલીના વર્ચસ્વ માટે મુસોલિનીએ હબ્શા પર હુમલો કરીને કબજો કરી લીધો. આ જ એ આક્રમક રાષ્ટ્રવાદ છે, જેણે વર્તમાન સદીના બે મોટા વિશ્વયુદ્ધોની ભેટ આપીને માનવતાને એ રીતે વિખેરી નાખી કે સંપૂર્ણ ભૌતિક પ્રગતિ, વૈજ્ઞાનિક સંશોધનો અને અનુસંધાન તથા ટેકનિકલ ઉપકરણોની અસીમ શક્તિઓ હોવા છતાં, ન તો રાષ્ટોના જોડાણો અને ન સંયુક્ત રાષ્ટ્રસંઘ તેને ફરીવાર સંગઠિત કરી શક્યા. વર્તમાન રાજકારણ ધોકો આપનાર અને વિનાશનું બીજું નામ બની ગયું છે, ત્યાં સુધી કે નૈતિક મૂલ્યો અને માનવતા પણ આજના વિકસિત જગતથી સમાપ્ત થઈ ગયા છે. પ્રથમ વિશ્વયુદ્ધ સમાપ્ત થતાં ઈટાલી પછી, તાનાશાહી ફાસીવાદના સિદ્ધાંતોને બોલ્શેવિક ક્રાંતિ પછી રશિયાના સામ્યવાદી સામ્રાજ્યે પણ અપનાવી લીધા હતા. જ્યારે બીજા વિશ્વયુદ્ધથી થોડાં સમય અગાઉ ઈટાલીના ફાસીવાદને હિટલરે જર્મનીમાં નાઝીવાદનો ચહેરો આપી દીધો. તેણે આ સંદર્ભમાં રાષ્ટ્રવાદની સાથે-સાથે વંશવાદનું પણ લેબલ લગાવી દીધું અને સામી

વંશની સામે આર્ય વંશ ઉત્તમ અને શ્રેષ્ઠ હોવાનો દાવો કરીને પોતાના દેશના સામી અલ્પસંખ્યક યહૂદીઓને નિર્મૂળ કરવાનો પ્રયત્ન કર્યો. તેની સાથે આખા યુરોપ ઉપર આધિપત્ય જમાવવા માટે ઈતિહાસના સૌથી ભયાનક અને હિંસક બીજા વિશ્વયુદ્ધની શરૂઆત કરી. આ પશ્ચિમી સામ્રાજયનું સૌથી વિકૃત સ્વરૂપ હતું અને તેના મૂળમાં એ જ ઘૃણિત અને વિકૃત દેશપ્રેમ અને આક્રમક રાષ્ટ્રવાદની હદથી વધારે અનુચિત અને પાશવી ભાવનાઓ હતી, જેના ઉપર ઇટાલીનો ફાસીવાદ ટકેલો હતો.

હવે ઈતિહાસની સૌથી મોટી વિડંબના એ છે કે સામ્રાજ્યવાદની ચુંગાલમાંથી સ્વતંત્ર થયેલ એક અલ્પસંખ્યક રાજ્ય – ઈઝરાઈલના રૂપમાં સૈહૂની (યહૂદી, Zionism) ફાસીવાદનો બંડ પોકારી રહ્યું છે. ભારતમાં પણ બહુમતી સમુદાયનું એક જૂથ 'હિન્દી-હિન્દુ- હિન્દુસ્તાન'નો ધ્વજ ઉઠાવીને ફાસીવાદી-નાઝીવાદનો આબેહૂબ એવો જ નારો લગાવી રહ્યું છે, જે હિટલરના નાઝી જર્મનીએ અલ્પસંખ્યકોના વિનાશ માટે અને વિશ્વયુદ્ધ માટે લગાવ્યો હતો. 'હિન્દુત્વ'ની આડમાં અખંડ ભારતની કલ્પના એ સંપૂર્ણપણે ફાસીવાદી માનસિકતાની ઉપજ છે, જેના વર્ચસ્વ માટે સ્વતંત્ર ભારતના ધર્મનિરપેક્ષ લોકતંત્રની સંસ્થાઓની અવગણના કરવામાં આવી રહી છે અને ભારતીય બંધારણના મૂળભૂત માળખામાં પરિવર્તન કરીને એક ધર્મ, એક ભાષા અને એક સંસ્કૃતિના વર્ચસ્વના સંકલ્પને જાહેરમાં વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. તેની સાથે અલ્પસંખ્યકો, વિશેષતઃ મુસલમાનોથી એવું ઇચ્છવામાં આવી રહ્યું છે કે તેઓ પોતાની ભાષા, પોતાની સભ્યતા, ત્યાં સુધી કે પોતાના પર્સનલ લૉનો ત્યાગ કરે અથવા વિશુદ્ધ હિન્દુવાદી રાષ્ટ્રિયતાની ભાષા, સભ્યતા અને સમાન કૉડમાં પોતાને વિલિન કરી નાખે.

ભાજપ પરિવારનો ફાસીવાદ સંપૂર્ણપણે ભારતીય અને માનવીય ઈતિહાસને વિકૃત કરીને મુસલમાનોના સત્તાકાળના સાતસો વર્ષીય મધ્યકાળ અને તેની દરેક યાદગાર નિશાનીઓને મિટાવી દેવા માગે છે. હદ એ છે કે અંગ્રેજોની જેમ મુસલમાનોને પણ તેઓ સ્વદેશી માનવા તૈયાર નથી અને લઘુમતી પંચને નામ માત્રથી માનવ-અધિકાર પંચથી એટલા માટે બદલવા ઈચ્છે છે કે લઘુમતીઓના માનવ-અધિકારો પર હાથ નાખી શકે. આ જૂથ મધ્યકાળને છોડીને-ત્યજીને વર્તમાન આપે છે. આ જ કારણ છે કે ક્યારેક તેઓ એક પાંચસો વર્ષ જૂની મસ્જિદને તોડી પાડે છે, તો ક્યારેક એ નગરોના નામ બદલી નાખે છે જે મુસલમાનોએ વસાવ્યા હતા અથવા બનાવ્યા હતા. તેમને લોકોના ઈસ્લામી નામોથી પણ આપત્તિ છે. તેમને અરબી અને ફારસી શબ્દો સુદ્ધાંની ચીડ છે અને શુદ્ધ ભારતીય ભાષા ઉર્દૂનાં કેવળ એટલા માટે દુશ્મન છે કે મધ્યકાળમાં હિન્દુઓ અને મુસલમાનોના ભાઈચારા માટે તેનો વિકાસ થયો હતો. હિન્દુ બહુમતીનો આ ફાસીવાદી સમૂહ 'લઘુમતી' નામ પણ પ્રાગૈતિહાસિક કાળની વાર્તાઓ અને કથાઓની

સાથે જોડવા ઇચ્છે છે, જેનું અસ્તિત્વ અને અનુસંધાન જમીનના પેટાળમાં ખોદાણ કરવાથી મળતાં પ્રમાણની સાથે પણ નથી મળતું. ૬ ડિસેમ્બર ૧૯૯૨ ના દિવસે પ્રાચીન કાળનું જે તાંડવ નૃત્ય અયોધ્યામાં બાબરી મસ્જિદને ધ્વંસ કરીને કરવામાં આવ્યું, જો તે જ ભારતની સભ્યતા અને સંસ્કૃતિ છે, તો પછી જંગાલિયત, બર્બરતા અને પશુતા કોને કહેવાય?

લોકશાહીની હકીકત

આ નવા દૃષ્ટિકોણ અને દર્શનની દૃષ્ટિથી જનમતની સરકારનું બીજું નામ 'લોકશાહી' છે, જેમાં લોકોની સરકાર, લોકો દ્વારા અને લોકો માટે હોય છે. આમાં બધા જ નાગરિકો સમાન અધિકાર ધરાવે છે, ચાહે તેમનો સંબંધ કોઈપણ સમુદાય, વર્ગ કે પ્રદેશ સાથે હોય. પ્રત્યેક નાગરિકના મતનું મહત્ત્વ હોય છે અને મતદાર પોતાની ઇચ્છાથી સરકાર બદલી શકે છે અને બનાવી શકે છે. આના પાછળ ધાર્મિક સહિષ્ણુતા છુપાયેલી છે, જેના અનુસાર સરકાર ધર્મની બાબતમાં ન કેવળ નિરપેક્ષ હોય છે, બલ્કે બધા જ ધર્મોના આદર માટે સમાન રૂપે જવાબદાર હોય છે. સ્વતંત્ર ભારતમાં બંધારણે રાષ્ટ્રિય શાસનનું જે માળખું નિશ્ચિત કર્યું છે તે ધર્મનિરપેક્ષ લોકતંત્ર છે, એવું લોકતંત્ર જે દરેક ધર્મના લોકો પ્રત્યે સહિષ્ણુ હોય. આ જ કારણ છે કે ભારતીય બંધારણે દરેક ધર્મ અને સમુદાય સાથે સંબંધ ધરાવતા નાગરિકોના મૂળભૂત અધિકારના રૂપમાં કલમ-૨૫, ૨૯ અને ૩૦ વગેરે અનુસાર આસ્થા, અંતરાત્મા, ભાષા, સંસ્કૃતિ, શિક્ષણ-પ્રશિક્ષણની સ્વતંત્રતા પ્રદાન કરી છે. સમાન સિવિલ કૉડનો ઉપદ્રવ બંધારણના નીતિ-નિર્દેશક મુદ્દાઓના શીર્ષકથી કલમ-૪૪માં અવશ્ય છે, પરંતુ તે કલમ-૨૫ ના ધાર્મિક અને મૂળભૂત અધિકારો સાથે ટકરાય છે. તેથી તેને લાગુ કરવું કોઈપણ અદાલતના અધિકારમાં નથી. સંસદ અને કાનૂન ઘડતરની સંસ્થાઓથી મૂળભૂત અધિકારોની ઉપરવટ જઈને કાનૂનભંગ કરવાની આશા એક સાચી અને ઉચિત લોકતાંત્રિક વ્યવસ્થા અને ધર્મનિરપેક્ષ બંધારણના અંતર્ગત ન કરી શકાય.

ધાર્મિક લઘુમતીઓને લોકશાહીમાં સુરક્ષા માટે એ બાંહેધરી આપવામાં આવે છે કે તેઓ કોઈ સંગઠનથી નારાજ હોય, તો તે પોતાના મતોનો ઉપયોગ સમજદારીથી અને દૃઢ નિર્ધારની સાથે કરીને ચૂંટણીમાં તે સંગઠન કે પક્ષ કે લોકોના જૂથને પરાજિત કરવાની તૈયારી કરી શકે છે. આવું અડધી સદીથી ચૂંટણીમાં થતું પણ રહ્યું છે. પરંતુ સમાજના બહુમતી લોકો સાંપ્રદાયિક બની જાય તો તેઓ એક સમૂહ થઈને કોઈ લોકતાંત્રિક પક્ષ કે સંગઠન અથવા સંગઠનોના નામે ફાસીવાદી સંગઠનને સત્તામાં લાવી શકે છે અને લઘુમતીઓને પારાવાર નુકસાન પહોંચાડી શકે છે. આ લોકતંત્રની મત-ગણત્રી અને

તેના આધારે જનમતનું સૌથી કમજોર પાસું છે. આ રીતે કેવળ લોકશાહી પદ્ધતિથી જાતિ, ધર્મ, ભાષા અને સભ્યતાને પણ સમાપ્ત કરી શકાય છે. લઘુમતીઓ પર બહુમતીમાંથી એક જૂથનો આ અન્યાય અને અત્યાચાર માટે તો સાંપ્રદાયિક ફાસીવાદી અને નાઝીવાદી પદ્ધતિ દ્વારા જ રસ્તો ખુલી શકે છે. આ રીતનો સાંપ્રદાયિક ફાસીવાદ ન કેવળ સંપૂર્ણ માનવ-અધિકારો અને માન્યતાઓ પર હુમલો કરી શકે છે, બલ્કે છેવટે તે રાષ્ટ્રિય આત્મહત્યાનું કારણ હશે. આનું જુદા-જુદા સ્તરે અને વ્યાપક વિનાશના પાસાનું પ્રદર્શન ફાસીવાદી ઇટાલી અને નાઝી જર્મની, ઉપરાંત સોવિયેત રશિયાના સામ્યવાદી તાનાશાહી વ્યવસ્થામાં પણ થઈ ચૂક્યું છે. વાસ્તવમાં આ ધર્મનિરપેક્ષ લોકતંત્રનો નહીં, બલ્કે સાંપ્રદાયિક ફાસીવાદનો ચમત્કાર છે.

જ્યાં સુધી ધર્મનિરપેક્ષતાનો આધ્યાત્મિકતાથી સંબંધ છે, તો તે અવશ્ય એક નકારાત્મક કલ્પના છે, જે મુખ્યત્વે ધર્મની વિરુદ્ધ છે. પરંતુ તેની પશ્ચાદભૂમિ પશ્ચિમમાં 'ચર્ચ' અને 'સ્ટેટ'ની એ ખેંચતાણ છે, જેમાં થિયોક્રેસી અર્થાત્ મસીહી કલીસા (ખ્રિસ્તી ચર્ચ)ની અત્યાચારપૂર્ણ ધાર્મિક સત્તાને સમાપ્ત કરીને તેને રાજા (King) અને ખુદા (God)ના અધિકારોની વચ્ચે વિભાજિત કરી દેવામાં આવી હતી. તેની સામે સ્વતંત્ર ભારતના લોકતાંત્રિક બંધારણમાં આરંભથી જ ધર્મ વિશે એક હકારાત્મક વલણ અપનાવીને આ બાબતમાં ધાર્મિક નિરપેક્ષતાની ઘોષણા કરવામાં આવી અને પછી બધા જ ધર્મોના સમાન આદરને સ્પષ્ટ રીતે બંધારણનો અંશ બનાવી દેવામાં આવ્યો. ભારત એક બહુધર્મી દેશ છે. રાજ્ય અને સરકારનો કોઈ ધર્મ નથી. જો આવું ન હોત તો બહુમતીમાંના સાંપ્રદાયિક ફાસીવાદી તત્ત્વો દેશ પર સત્તાધીન થઈને ગમે તે ધર્મના લઘુમતીઓને સમાપ્ત કરી નાખે, અને આ વાત લોકતાંત્રિક સિદ્ધાંતોની વિરુદ્ધ હોત. આ જ કારણ છે કે ભારતના સ્વતંત્ર રાષ્ટ્રિય રાજ્યોનું મૂળભૂત ચરિત્ર સેક્યુલર ડેમોક્રેસી અર્થાત્ ધર્મનિરપેક્ષ લોકતંત્ર માન્ય રાખવામાં આવ્યું. આ ચરિત્રને સમાપ્ત કરવા માટે ભાજપનો આખો પરિવાર કાર્યરત છે અને આ હેતુસર તે એક નવું બંધારણ બનાવવાવાળી એસેમ્બલીની માંગ પણ કરી રહ્યું છે, જે ફક્ત એક ષડયંત્ર અને ઉપદ્રવકારી વાત છે.